ગાંધીનગર સમાચાર

ફ્રાંસના ભારતીય સમુદાયના લોકો સાથે મોદીની વાતચીત

પેરિસ,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, આશરે ૩.૫ લાખ લોકો એલપીજી સબસિડી છોડી ચુક્યા છે. મોદીએ ખાતરી આપી હતી કે, આના કારણે બચાવી લેવામાં આવનાર નાણાંનો ઉપયોગ હજુ પણ ભોજન બનાવવા માટે લાકડાનો જે લોકો ઉપયોગ કરે છે તેને આપી દેવામાં આવશે. પેરિસના એનઆરઆઈ લોકો સાથે વાતચીત કરતા મોદીએ યાદ અપાવી હતી કે, એક સપ્તાહ પહેલા જ તેમને આવા આંકડા જાણીને ખુશી થઈ હતી કે, હવે મોટી સંખ્યામાં લોકો સબસિડી છોડી રહ્યા છે. સક્ષમ લોકો સ્વૈચ્છિકરીતે એલપીજી સબસિડી છોડવા તૈયાર થઈ રહ્યા છે. આ સંદર્ભમાં તેઓએ અપીલ કર્યા બાદ લોકો ઝડપથી આગળ આવ્યા છે. એક સપ્તાહના ગાળાની અંદર જ બે લાખ લોકોએ સબસિડી છોડી દીધી હતી. તેમના પ્રોત્સાહનના કારણે હજુ પણ લોકો આગળ આવી રહ્યા છે. ગુરુવાર સુધીમાં ૩.૫ લાખ લોકો સબસિડી સેરેન્ડર કરી ચુક્યા છે. બચાવી લેવામાં આવેલા આ નાણા સરકારી તિજોરીમાં જશે નહીં બલ્કે એવા લોકોને આપવામાં આવશે જે લોકો ભોજન માટે લાકડાનો ઉપયોગ કરી રહ્યા છે. આનાથી પર્યાવરણ, પરિવર્તનની સમસ્યાને પણ દૂર કરી શકાશે. વન્ય વિસ્તારો ખતમ થઈ રહ્યા છે. કારણ કે લોકો હજુ પણ ભોજન બનાવવા માટે લાકડાનો ઉપયોગ કરી રહ્યા છે. જનધન સ્કીમની વાત કરતા તેમણે કહ્યું હતું કે, સૌથી ગરીબ લોકો અને બેંક ખાતુ હોય તેવા ઇરાદા સાથે આ સ્કીમ શરૂ કરાઈ હતી. ગયા વર્ષે સ્વતંત્રતા દિવસના પ્રસંગે લાલ કિલ્લા પરથી તેઓએ આ જાહેરાત કરી હતી. ત્યારબાદ લોકો માટે સ્કીમ શરૂ કરાઈ હતી. આ વર્ષે પ્રજાસત્તાક દિવસ સુધી આ સ્કીમને પૂર્ણ કરી લેવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે, આ સ્કીમનું પરિણામ એ છે કે, ૧૩ કરોડ લોકો હવે સીધીરીતે સબસિડી મેળવી રહ્યા છે. લિકેજની સમસ્યા દૂર થઈ ચુકી છે. ૧૦ મહિનાના અનુભવના આધાર પર તેઓ કહી શકે છે કે, ભારત ગરીબ રહેવું જોઈએ તેના કોઈ કારણ નથી. ભારતને વિકસિત દેશ બનાવવાના તેમના સ્વપ્નની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, દેશમાં ઘણી બધી શક્યતાઓ રહેલી છે. ભારતને ફ્રાંસ જેવા વિકસિત દેશમાં ફેરવી નાંખવામાં આવશે. ભારતના પૂર્વીય ભાગો હજુ પણ ખુબ પાછળ છે. જેમાં બિહાર, ઝારખંડનો સમાવેશ થાય છે. મોદીએ કહ્યું હતું કે, સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. અગાઉની યુપીએ સરકાર ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, પહેલા કોલસા બ્લોકની ફાળવણી પેન અથવા રૂમાલ જે રીતે આપવામાં આવે ચે તે રીતે કરવામાં આવી હતી જેના લીધે લાખો કરોડોનું નુકસાન થયું હતું. ભારતીય સમુદાયને સંબોધતા તેમણે કહ્યું હતું કે, હવે સ્થિતિ બદલાઈ ચુકી છે. સુપ્રીમ કોર્ટમાં મામલો પહોંચ્યા બાદ અગાઉ તમામ ફાળવણી રદ કરાઈ હતી. એનડીએ સરકાર સત્તામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, ૩૧મી માર્ચ ૨૦૧૫ બાદ કોલસામાં ખાણ પ્રવૃત્તિ ચાલશે નહીં. હાલમાં જ હરાજી કરવામાં આવી હતી. ખુબ પારદર્શકરીતે સમગ્ર પ્રક્રિયા ચાલી રહી છે.

નરેન્દ્ર મોદીનું જર્મનીમાં પણ ઐતિહાસિક સ્વાગત

હેનોવર,તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તેમના ત્રણ દેશોના ઐતિહાસિક પ્રવાસના બીજા તબક્કામાં જર્મની પહોંચી ગયા હતા. જર્મનીમાં પહોંચ્યા બાદ તેમનું ઐતિહાસિક અને ભવ્ય રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. જર્મન શહેર હેનોવર પહોંચ્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. બિઝનેસ અને ટેકનોલોજીના મુદ્દાઓ ઉપર તેઓ ખાસ ચર્ચા કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. મેક ઇન ઈન્ડિયા પહેલને તેઓ આગળ વધારે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. જર્મનીની પ્રથમ વખત યાત્રાએ પહોંચેલા મોદીએ કહ્યું હતું કે, તેઓ અહી આવીને ગર્વ અનુભવ કરી રહ્યા છે. જર્મનીના પ્રવાસે રવાના થતા પહેલા મોદીએ ટ્વિટ કરીને થેંક્યુ ફ્રાંસ કહ્યું હતું. મોદી અને જર્મન ચાન્સલર એન્જેલા માર્કેલ સંયુક્તરીતે હેનોવર મેળાની શરૂઆત કરનાર છે. મોદી જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેનાર છે. મોદી જર્મનીના મૂડીરોકાણકારો અને સીઈઓ સાથે વાતચીત કરનાર છે. મોદી મેરી ટીમ ગ્રાન્ટ હોટલ ખાતે પહોંચ્યા ત્યારે તેમનું ભારતીય લોકોએ તેમનું સ્વાગત કર્યું હતું. મોદી હેનોવર વિમાની મથકે અગાઉ પહોંચ્યા હતા. ફ્રાંસની યાત્રાને સમેટી લેતા મોદીએ આ સફળ યાત્રા બાદ ફ્રાન્સની સરકાર અને લોકોનો આભાર માન્યો હતો. આ યાત્રાની મુખ્ય સફળતા ૩૬ રાફેલ જેટ વિમાનોની સોદાબાજી છે. ફ્રેંચ ભાષામાં મોદીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, તેઓ ખુબ જ ખુશ છે. ફ્રાંસમાં મોદીએ પ્રમુખ હોલાન્ડે સાથે વાતચીત કરી હતી અને ઘણી બદી સમજૂતિઓ કરી હતી. ઘણા કાર્યક્રમોમાં હાજરી આપી હતી. ફ્રાંસ ભારતમાં બે અબજ યુરોનું રોકાણ પણ કરનાર છે.

અજમેર ઉર્સ માટે વધુ વિઝા આપવા પાકિસ્તાનની માંગ

જયપુર, તા. ૧૨

ભારતમાં પાકિસ્તાનના હાઈ કમીશનર અબ્દુલ બાસિતે આશા વ્યક્ત કરી છે કે અજમેર ઉર્સ માટે પાકિસ્તાનના લોકોને વીઝા મળશે. ૨૦મી એપ્રિલથી ઉર્સની શાનદાર શરૂઆત થઈ રહી છે. તેમના ૮૦૩માં વાર્ષિક ઉર્સ દરમિયાન ખ્વાજા ગરીબ નવાઝની ૧૨ સદીના સ્થળ અજમેર શરીફની યાત્રા માટે પાકિસ્તાનના શ્રદ્ધાળુઓને મોટા પાયે વીઝા આપવાની માંગણી તેમણે કરી છે. પાકિસ્તાનમાં આવેલા ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા માટે પાકિસ્તાને હાલમાં મોટા પાયે ભારતીય લોકોને મંજૂરી આપી હતી. હવે ભારત સરકાર પાકિસ્તાનના શ્રદ્ધાળુઓને પણ વીઝા આપે તેવી અમારી માંગ છે. બાસિતે કહ્યું હતું કે એક સપ્તાહ અગાઉ ઈસ્લામાબાદ ભારતીય હાઈ કમીશન ખાતે વીઝા માટે પાકિસ્તાનમાંથી ૫૦૦ શ્રદ્ધાળુઓ અરજી કરી ચુક્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સામાન્ય બની રહ્યા છે ત્યારે તેમને ભારત આવવા માટે મંજૂરી આપવામાં આવશે નહી તેવા કોઈ કારણ તેમને દેખાતા નથી. તેમણે કહ્યું હતું કે જો તેમને સમયસર વીઝા મળશે તો તેઓ ૨૦મી એપ્રિલે સમયસર અજમેર પહોંચી શકશે. છેલ્લા બે વર્ષથી પાકિસ્તાનમાંથી શ્રદ્ધાળુઓઉર્સ દરમિયાન અજમેર દરગાહ આવતા નથી. વર્ષ ૨૦૧૩માં લાહોરમાં કોટ લખતપત જેલમાં ભારતીય કેદી સરબજીત સિંહને મોતને ઘાટ ઉતારી દેવાના કારણે કોઈ પાકિસ્તાનીને ઉર્સ પર અજમેર શરીફની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવી ન હતી. વર્ષ ૨૦૧૪માં સરહદ પારથી ગોળીબારના કારણે સંબંધો પર માઠી અસર થઈ હતી. બાસિતે કહ્યું છે કે પાકિસ્તાન ભારતીય લોકોને વીઝા આપવાના મામલે વધારે ઉદાર છે. શિખ અને હિન્દુ લોકોને મોટા પાયે વીઝા આપવામાં આવે છે. તાજેતરમાં જ વૈશાખી દરમિયાન ૫૦૦ શિખ લોકોને વીઝા આપવામાં આવ્યા હતા. ભારતીય લોકોને જે રીતે પાકિસ્તાને પ્રતિસાદ આપ્યો છે તે રીતે ભારત પણ પાકિસ્તાની લોકો માટે વીઝા આપે તે જરૂરી છે.

ફ્રાંસમાં ભારતીય વિદ્યાર્થી અભ્યાસ બાદ રહી શકશે

પેરિસ,તા. ૧૨

ફ્રાંસમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ હવે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પણ ફ્રાંસમાં રહી શકશે. ભારતમાં જે રીતે ફ્રાંસના વિદ્યાર્થીઓ અભ્યાસ બાદ રહી શકે છે તે જ રીતે ભારતીય વિદ્યાર્થીઓ રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યાત્રા દરમિયાન બંને પક્ષો વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવેલી સમજૂતિ હેઠળ આ બાબત શક્ય બની છે. બંને પક્ષો એક નવી સ્કીમ હેઠળ સહતમ થયા છે જે સ્કીમ હેઠળ ભારતીય વિદ્યાર્થીઓ ફ્રાંસમાં રહી શકશે અને ફ્રાંસના વિદ્યાર્થીઓ ૨૪ મહિનાના ગાળા સુધી ભારતમાં રહી શકશે. આ સ્કીમ ૨૫૦ ફ્રાંસના વિદ્યાર્થીઓ માટે ૧૨ મહિનાના ગાળા માટે ફરીથી ભારતીય વિઝાની ઓફર કરશે. આવી જ રીતે ફ્રાંસમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓને પણ ઓફર મળશે. મોદી દ્વારા ફ્રાંસના પ્રમુખ હોલાન્ડે સાથે શિખર મંત્રણા બાદ જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, બંને નેતાએ શિક્ષણ ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે રહેલી સ્થિતિને વધુ સાનુકુળ અને સરળ બનાવવાનો નિર્ણય કર્યો છે. ભારતમાં અભ્યાસ કરતા ફ્રાંસના વિદ્યાર્થીઓ અને ફ્રાંસમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ વધે તે માટે પણ પગલા લેવા તૈયારી દર્શાવવામાં આવી છે. બંને દેશોએ એકબીજાને વધુ સહાયતા આપવાનો નિર્ણય કર્યો છે. નવી વ્યવસ્થા હેઠળ ભારતીય પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થી ફ્રાંસમાં બે વર્ષની ખાસ નિવાસી પરવાનગીના લાભ લઈ શકશે. મોદીએ કહ્યું હતું કે, અભ્યાસ કરવા ફ્રાંસમાં આવતા ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ બાદ થોડાક સમય સુધી રોકાવવા ઈચ્છે તો તેઓ રોકાઈ શકશે. ફ્રાંસના પ્રેક્સિટ અંગે જાણવાની તક પણ મળશે.

સલમાનના વકીલ દ્વારા રજૂઆતની તૈયારી કરાઈ

સલમાન કેસ : લેખિત દલીલો ઉપર આજે વિધિવત સુનાવણી

મુંબઈ,તા. ૧૨

બોલીવુડના સુપર સ્ટાર સલમાન ખાનને આવરી લેતા ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં પ્રોસીક્યુશન આવતીકાલે અંતિમ લેખિત દલીલો સુપ્રત કરશે. ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલા આદેશ મુજબ આ દલીલો સુપરત કરવામાં આવશે. સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર પ્રદિપ ઘરાતે ૯મી એપ્રિલના દિવસે પ્રોસીક્યુશન કેસમાં દલીલો પુરી કરી લીધી હતી. પહેલી એપ્રિલથી મૌખિક દલીલોની શરૂઆત થઈ હતી. ડિફેન્સ વકીલ શ્રીકાંત શિવાડે ૧૦મી એપ્રિલના દિવસે તેમની અંતિમ દલીલો શરૂ કરી હતી જે ૧૫મી એપ્રિલ સુધી ચાલી શકે છે. ૨૭મી માર્ચના દિવસે ૪૯ વર્ષીય સલમાન ખાનનું નિવેદન નોંધવામાં આવ્યું હતું ત્યારબાદ સલમાન ખાનના ડ્રાઈવરે પણ નિવેદન આપ્યું હતું. સલમાન ખાને એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે તે કાર ચલાવી રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭મી માર્ચના

દિવસે હિટ એન્ડ રન કેસમાં મુશ્કેલીનો સામનો કરી રહેલા બોલીવુડ સ્ટાર સલમાન ખાને આજે કોર્ટમાં કહ્યું હતું કે, તેની સામે નોંધવામાં આવેલા નિવેદન ખોટા છે. તેના ડ્રાયવર અશોકસિંહ પોલીસ સ્ટેશનમાં ગયા હતા. તેઓ ડ્રાયવિંગ કરી રહ્યા હતા. પોલીસે અશોકનું નિવેદન નોંધ્યું ન હતું. અભિનેતાએ એમ પણ કહ્યું હતું કે, કેમિકલ એનાલીસર બાલા શંકર કોઈપણ પ્રક્રિયાથી વાકેફ ન હતા. બનાવના દિવસે તે કોઈપણ પ્રકારના શરાબના નશામાં ન હતો. સલમાન ખાનના વકીલ દ્વારા ૧૫મી એપ્રિલથી અંતિમ દલીલોની સુનાળમી શરૂ કરાશે જે વધુ બે દિવસ સુધી ચાલશે. સલમાનની ગુંચ અકબંધ રહેતેવી વકી છે. અત્રે નોંધનીય છે કે, ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે બાંદરામાં તેની કારથી કચડાઈ જવાથી એકનું મોત થયું હતું અને અન્ય ચાર ઘાયલ થયા હતા.

મોદીના શૂટ બાદ મોદી સાલને લઈ નવો વિવાદ

નવીદિલ્હી,તા. ૧૨

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે વાતચીત દરમિયાન પોતાના નામના પ્રિન્ટવાળા શૂટ પહેરીને વિવાદમાં રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે તેમની શાલના કારણે ફરી ચર્ચામાં આવી ગયા છે. ટ્વિટર પર રજૂ કરવામાં આવેલા ફોટાઓથી આ બાબતને સમર્થન મળે છે. આ ફોટાઓમાં દર્શાવવામાં આવ્યું છે કે, પેરિસ પહોંચ્યા બાદ વડાપ્રધાન જે શાલમાં દેખાયા હતા તેના ઉપર પણ એનએમ (નરેન્દ્ર મોદી) લખેલું હતું. અલબત્ત મુળભુત ફોટાઓમાં આવા કોઈ સંકેત મળી રહ્યા નથી. ટ્વિટર ઉપર રજૂ કરવામાં આવી રહેલા શાલમાં નજરે પડતા મોદીના ફોટામાં અલગ ઈમેજ પણ મુકવામાં આવી છે જેમાં શાલના ફોટાને ઝૂમ કરીને દર્શાવવામાં આવતા તેમા એનએમ લખેલુ નજરે પડે છે. એક જાણકાર વ્યક્તિએ કહ્યું છે કે, આ શાલને લુઈવિટને મોદી માટે બનાવી છે. આ ખુબ જ મોંઘી શાલ રહે તેમ પણ માનવામાં આવે છે. કારણ કે ટેલર દ્વારા બનાવવામાં આવી છે. પેરિસ ફેશનવિકમાં મોદી ધ્યાન ખેંચવા પ્રયાસ કરી રહ્યા છે. મોદીની આના લીધે ટિકા પણ થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોદી અગાઉ બરાક ઓબામાની ભારત યાત્રા દરમિયાન વિવાદમાં રહ્યા હતા. મોડેથી મોદીના શૂટની હરાજી કરવામાં આવી હતી અને જંગી કિંમત પણ ઉભી કરવામાં આવી હતી.

મુસ્લિમોના મતના અધિકારને આંચકી લેવા જરૂર : શિવસેના

નવીદિલ્હી,તા. ૧૨

શિવસેનાના સાંસદ સંજય રાવતે મુસ્લિમો પાસેથી મતદાનના અધિકારને આંચકી લેવાની જોરદાર તરફેણ કરતા ખળભળાટ મચી ગયો છે. મુસ્લિમ સમુદાયના લોકો આનાથી ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. શિવસેનાના મુખપત્ર સામનામાં લખવામાં આવેલા તંત્રી લેખમાં જણાવવામાં આવ્યું છે કે, મુસ્લિમોને મત બેંક તરીકે ઉપયોગ થતાં રોકવા માટે તેમના મતદાનના અધિકારને આંચકી લેવામાં આવે તે જરૂરી છે. મુખપત્રમાં ઓવૈસી બંધુઓ ઉપર આકરા પ્રહારો કરતા જણાવવામાં આવ્યું છે કે, ઓવૈસી બંધુઓ સાપ સમાન છે અને તેમની પાર્ટી સાપના દર સમાન છે. એમઆઈએમના નેતાઓ અબરુદ્દીન અને અસદુદ્દીન ઓવૈસી ઉપર આકરા પ્રહાર કરતા રાવતે કહ્યું છે કે, મુસ્લિમોના મતની જવાબદારી ઓવૈસીએ લીધી છે. કોઈ સમયે આ જવાબદારી જામા

મસ્જિદના શાહી ઈમામે લીધી હતી. ત્યારબાદ મુલ્લા મુલાયમ એટલે કે મુલાયમસિંહે લીધી હતી. થોડાક સમય માટે લાલૂએ પણ આ જવાબદારી લીધી હતી. દેશ અને મુસ્લિમો માટે આ ખતરા સમાન છે. હૈદરાબાદના ઓવૈસી અને તેમના ભાઈ કોઈપણ જગ્યાએ જઈને ઝેર ફેલાવે છે. દેશમાં સ્વતંત્રતાના નામે બિન જરૂરી હોબાળો થઈ રહ્યો છે. રાવતે કહ્યું છે કે, મુસ્લિમોની વસ્તીમાં જઈને ઉશ્કેરણીજનક ભાષણ આપવા અને ધર્મની આગલ લગાવીને પોતાના રોટલા શેકનાર ઓવૈસી અગાઉ પણ જન્મ્યા છે અને આગળ પણ આવા લોકો રહેશે પરંતુ મુસ્લિમોને આવા ઓવૈસીઓની જરૂર કેમ પડે છે. તેમને કોઈ સંયમ રાખનાર સારા નેતા કેમ પચતા નથી. હિન્દુ નેતાઓ પણ ઈચ્છે છે કે, મુસ્લિમોમાં કોઈ સારા લોકો તૈયાર થાય. કારણ કે જ્યારે મુસ્લિમોના મત વિભાજિત થતાં નથી ત્યારે સારા લોકો એકત્રિત થાય છે. એમઆઈએમ જેવી પાર્ટીઓના નેતા ઝેર ફેલાવે છે પરંતુ અમને ખુશી થાય છે. કારણ કે, હિન્દુ મતદાર નારાજ થઈને મત આપે છે. લાલૂ અને મુલાયમ મુસ્લિમોને ખુશ કરવાના પ્રયાસ કરતા રહે છે. આઝમ ખાન પરોક્ષરીતે પાકિસ્તાનની તરફેણ કર્યા રાખે છે. આ પ્રકારથી નિવેદન બાજુથી ખુશ થઈને રાષ્ટ્રવાદની વાત કરવી યોગ્ય નથી. દેશ અને હિન્દુ સમાજ માટે આ બાબત યોગ્ય નથી. ઓવૈસી અને આઝમીની મદદ કરનાર લોકોને સાવધાન થઈ જવાની જરૂર છે. રાવતે કહ્યું છે કે, આ પ્રકારના લોકો ઉપર અંકુશ ખુબ જ જરૂરી છે. સંજય રાવતે કહ્યું છે કે, શિવસેના પ્રમુખ બાલ ઠાકરેએ આજ કારણસર મુસ્લિમોના મતની સોદાબાજી રોકવા માટે તેમની પાસેથી મતદાનના અધિકારને આંચકી લેવાની વાત કરી હતી.

શહીદ જવાનોના મૃતદેહો હજુ વન્ય વિસ્તારમાં છે : અહેવાલ

સુકમા,તા. ૧૨

છત્તીસગઢના સુકમામાં નક્સલવાદી હુમલામાં શહીદ થયેલા એસટીએફના સાત જવાનોના મૃતદેહ હજુ સુધી લાવી શકાયા નથી. હાલમાં આ જવાનોના મૃતદેહ વન્યવિસ્તારમાં જ પડેલા છે. ખરાબ હવામાનના કારણે જરૂરી વ્યવસ્થા થઈ શકી નથી. વિમાનોની વ્યવસ્થા પણ ખરાબ હવામાનના કારણે થઈ શકી નથી. ઘટનાસ્થળ પહોંચેલી ટીમ પરત ફરી છે. ટીમ ઘટના સ્થળે પહોંચી હતી પરંતુ નક્સલવાદીઓએ ફરીવાર ગોળીબાર કર્યો હતો જેથી સુરક્ષા જવાનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે, મૃતદેહોને ટુંકમાં જ ખસેડવામાં આવશે. ગઈકાલે ૧૦૦ જેટલા નક્સલવાદીઓની ટુકડીએ પોલીસ ટુકડી ઉપર છુપો હુમલો કર્યો હતો. આ અગાઉ એપ્રિલ ૨૦૧૦માં સુકમામાં નક્સલવાદી હુમલામાં ૭૪ જવાન શહીદ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે છત્તીસગઢના સુકમા જિલ્લામાં નક્સલવાદીઓએ ફરી એકવાર ભીષણ હુમલો કર્યો હતો. નક્સલવાદીઓ સાથેની અથડામણમાં સાત જવાનો શહીદ થયા હતા. આ હુમલામાં અન્ય ૧૦ જવાન ઘાયલ થયા હતા. નક્સલવાદીઓએ ગુપ્તરીતે આ હુમલો કર્યો હતો. સ્પેશિયલ ટાસ્ક ફોર્સના જવાનોને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરાયો હતો. આ અથડામણ સુકમાના પિડમેલ વિસ્તારમાં થઈ હતી. નક્સલવાદીઓએ સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ હુમલો કર્યો હતો. એસટીએફના જવાનો ઓપરેશનના ભાગરુપે કાફલામાં રવાના થયા હતા ત્યારે જ આ હુમલો કરવામાં આવ્યો હતો. નક્સલવાદીઓ પહેલાથી જ મોરચો સંભાળીને તૈયાર હતા.

સેક્સી લિયોનની ફિલ્મની પ્રથમ દિવસે જંગી કમાણી

મુંબઈ,તા. ૧૨

સેક્સી સ્ટાર સની લિયોનની નવી ફિલ્મ એક પહેલી લીલા હવે બોક્સ ઓફિસ પર ધુમ મચાવી રહી છે.હાલમાં રજૂ થયેલી તમામ ફિલ્મોને તે પાછળ છોડીને શરૂઆતમાં સારી કમાણી કરી ચુકી છે. એકબાજુ યુ ટ્યુબ પર તેને લાખો લોકો નિહાળી ચુક્યા છે. બીજી બાજુ બોક્સ ઓફિસ પર તેની કમાણી પ્રથમ દિવસે રેકોર્ડ ૫.૩૦ કરોડથી વધારે રહી છે. તેની ફિલ્મ અનુષ્કાની ફિલ્મ કરતા વધારે સફળ રહી છે. અનુષ્કાની એનએચ-૧૦ની કમાણી માત્ર ૩.૩૫ કરોડની રહી છે. જ્યારે સની લિયોનની ફિલ્મની કમાણી વધારે જોરદાર રહી છે. તેની કમાણી વધુ સફળતા મેળવે તેવી વકી છે. તેની ભૂમિકાથી ચાહકો ભારે પ્રભાવિત થયા છે. આ ફિલ્મના ગીતો પણ હવે લોકપ્રિય થઈ રહ્યા છે. લાખો ચાહકો ફિલ્મને નિહાળી ચુક્યા છે. ભારતીય કેનેડિયન પોર્ન સ્ટાર સની લિયોન ભારે આશાવાદી બનેલી છે. સની લિયોન બોલિવુડમાં પોતાની સફળતા અને સ્થાનને લઈને સંતુષ્ટ છે. ભારતીય ચાહકો તેની ફિલ્મો પસંદ કરી રહ્યા છે.

૯ કંપનીઓની માર્કેટ મૂડીમાં ૧૦૨૭૨૯ કરોડનો વધારો

નવી દિલ્હી,તા. ૧૨

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સની ટોપની ૧૦ કંપનીઓ પૈકી નવ કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. એકમાત્ર કંપનીની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. સેન્સેક્સની ટોપની ૧૦ કંપનીઓ પૈકીની નવ કંપનીઓની માર્કેટ મુડીમાં સંયુક્તરીતે ૧૦૨૭૨૯ કરોડનો વધારો થયો છે. આરઆઈએલ અને ટીસીએસની માર્કેટ મુડીમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન જોરદાર વધારો થયો છે. એકમાત્ર એચડીએફસી સિવાય તમામ નવ બ્લુચીપ કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે. આઈટીસી, ઓએનજીસી, એચડીએફસી બેંક, ઈન્ફોસીસ અને સીઆઈએલની માર્કેટ મુડીમાં વધારો થયો છે. છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન આરઆઈએલની માર્કેટ મુડીમાં ૨૨૩૫૮.૬ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૯૨૩૯૨.૯૧ કરોડ સુધી પહોંચી ગઈ છે. ટોપ ટેન સેન્સેક્સની કંપનીઓ પૈકી તેની માર્કેટ મુડીમાં સૌથી વધુ વધારો થયો છે. બીજી બાજુ ટીસીએસની માર્કેટ મુડીમાં ૨૧૨૬૨ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી વદીને ૫૧૯૪૪૪.૮૭ કરોડ થઈ ગઈ છે. જ્યારે સીઆઈએલની માર્કેટ મુડીમાં ૧૫૯૧૭.૨૪ કરોડનો વધારો થયો છે. આની સાથે તેની માર્કેટ મુડી વદીને ૨૪૫૧૦૬.૫૨ કરોડ થઈ ગઈ છે. એસબીઆઈની માર્કેટ મુડી પણ કારોબાર દરમિયાન ૧૧૯૭૮.૩૨ કરોડ સુધી વધી ગઈ છે. જેથી તેની માર્કેટ મુડી ૨૧૬૧૨૮.૭૩ કરોડ થઈ ગઈ ચે. આઈટીસીની માર્કેટ મુડી ૧૧૦૨૧.૩૪ કરોડ સુધી વધી જતા માર્કેટ મુડી હવે ૨૭૭૩૭૭.૦૫ કરોડ થઈ ગઈ છે. સન ફાર્માની માર્કેટ મુડી પણ ૮૨૬૩.૭૧ કરોડ વધી ગઈ છે. જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૩૧૬૪૨.૬૪ કરોડ થઈ ગઈ છે. ઈન્ફોસીસની માર્કેટ મુડી ૭૦૧૧.૪૩ કરોડ સુધી વધી ગઈ છે. જેથી તેની મુડી હવે ૨૫૬૪૮૮.૩૩ કરોડ થઈ છે. ઓએનજીસીની માર્કેટ મુડી ૨૮૨૩.૩૨ કરોડ સુધી વધી ગઈ છે. જેથી તેની મુડી હવે ૨૬૫૦૦૬.૩૧ કરોડ સુધી થઈ ગઈ છે. આવી જ રીતે એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં પણ ૨૦૯૨.૯૨ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૬૧૨૨૬.૯૪ કરોડ થઈ ગઈ છે.

હાઈબ્લડ પ્રેશરની તકલીફ વાળા માટે યોગા ઉપયોગી

ન્યૂયોર્ક, તા.૧૨

હાઈ બ્લડ પ્રેશર એક ગંભીર સમસ્યા છે. દેશ વિદેશમાં મોટી સંખ્યમાં લોકો આ તકલીફથી પરેશાન છે. હાઈબ્લડ પ્રેશરને કાબુમાં લેવા માટે જુદી જુદી પ્રકારની અનેક દવાઓ બજારમાં ઉપલબ્ધ છે. આ બિમારીને ટાળવા માટે તબીબો દ્વારા જુદી જુદી સલાહ પણ આપવામાં આવે છે. હાઈ બ્લડ પ્રેશર અંગે સામાન્ય લોકોમાં જાગૃતિ અંગે પણ વ્યાપક અભાવ છે. નિષ્ણાંતોનું કહેવુ છે કે હાઈ બ્લડ પ્રેશર એક ગંભીર સમસ્યા છે. તે શરીરમાં છુપાયેલા એક ઘાતક દુશ્મન તરીકે છે. અનિયમિત ખાવા પીવાની ટેવ, ઓચી ઉંઘ, મીઠાનો વધારે ઉપયોગથી હાઈ બ્લડ પ્રેશર થવાનો ખતરો રહે છે. હાઈ બ્લડ પ્રેશરથી પરેશાન લોકો માટો યોગા ખુબ ઉપયોગી છે. તેમ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. હાઈ બ્લડપ્રેશરથી ગ્રસ્ત લોકોની સંખ્યા ખૂબ મોટી છે. હાઈ બ્લડ પ્રેશરને કાબૂમાં લેવા માટે યોગાની સલાહ અગાઉ પણ આપવામાં આવી હતી પરંતુ હવે ફરીવાર આનું સૂચન કરવામાં આવ્યું છે. માત્ર હાઈ બ્લડ પ્રેશર જ નહીં બલ્કે ડાયાબિટીશના ઈલાજમાં પણ યોગાની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

ફુગાવાના આંક, પરિણામની શેરબજાર પર અસર દેખાશે

નવી દિલ્હી, તા. ૧૨

શેરબજારમાં આવતીકાલથી નવા કારોબારી સેશનની શરૂઆત થઈ રહી છે ત્યારે કારોબારીઓમાં તેમાં તેજી રહેશે કે કેમ તેને લઈને ચર્ચા જારી છે. જાણકાર નિષ્ણાંત લોકો કહે છે કે શેરબજાર પર ફુગાવાના આંકડા, ટીસીએસ અને આરઆઈએલ જેવી બ્લુચીપ કંપનીઓના ત્રિમાસિક ગાળાના પરિણામોની સીધી અસર થઈ શકે છે. નિષ્ણાંતો કહે ચે કે બજારમાં કારોબાર દરમિયાન હાલ ઉથલપાથલ રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. શેરબજાર

શેરબજાર ઉપર અસર કરનાર પરિબળો.....

- ડોલર સામે રૂપિયાની હિલચાલ
- ક્રૂડ ઓઈલની કિંમતમાં ફેરફાર
- ટીસીએસ, આરઆઈએલ જેવી બ્લુચીપ કંપનીઓના ત્રિમાસિક ગાળાના પરિણામોની જાહેરાત
- આઈઆઈપીના આંકડા
- વિદેશી ફંડ પ્રવાહની સ્થિતિ
- સીપીઆઈ અને ડબલ્યુપીઆઈ ફુગાવાના આંકડા

મંગળવારે બાબા સાહેબ આમ્બેડકર જયંતિના કારણે બંધ રહેશે. ઉપરાંત વિદેશી રોકાણકારો દ્વારા મુડી પ્રવાહ બજારને હચમચાવે તેવા પરિબળોમાં ચોથા ત્રિમાસિક ગાળાના પરિણામો પણ છે. આ પરિણામ આઈટીની મહાકાય કંપની ઈન્ફોસીના પરિણામ સાથે શરૂ થશે. ઈન્ફોસીસ ૨૪મી એપ્રિલના દિવસે તેના પરિણામ જાહેર કરનાર છે. ડોલરની સામે રૂપિયામાં ઉતારચઢાવ અને ક્રુડ ઓઈલની કિંમતમાં કારોબારની અસર પણ જોવા મળી શકે છે. ટુંકા ગાળાની દિશા માટે ચોથા ત્રિમાસિક ગાળાના પરિણામને લઈને પણ બજારની નજર રહેશે. આ સપ્તાહમાં પરિણામ જાહેર થવાની શરૂઆત થનાર છે. આવતીકાલે બજાર પર ફેબ્રુઆરી માટેના આઈઆઈપીના આંકડાની પ્રતિક્રિયા જોવા મળી શકે છે. જે શુક્રવારે જારી કરવામાં આવ્યા હતા.રોકાણકારોની આશા વધી રહી છે. છેલ્લા સપ્તાહ દરમિયાન સેન્સેક્સ ૬૧૯ પોઈન્ટ ઉછળીને ૨૮૮૭૯ પ